# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21-12-2024** **Morning : 7.10 to 7.20**
**Day: SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

---

1) **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નાગરિકોની સમસ્યા નિવારવા માટે જિલ્લા સ્તરે વ્યવસ્થા કરવા કલેક્ટરો અને વિકાસ અધિકારીઓને સૂચના આપી**
2) **કેન્દ્રીય જળશક્તિમંત્રી સી આર પાટિલ આજે નવસારીમાં ત્રિ દિવસીય રાજ્યકક્ષાના કૃષિમેળાનો પ્રારંભ કરાવશે**
3) **કચ્છ પૂર્વ વન વિભાગ દ્વારા વન્યપ્રાણી અભ્યારણ્યમાં અન અધિકૃત મીઠાના પાળા બનાવતા પાંચ વ્યક્તિની અટકાયત કરી તેમની પાસેથી એક કરોડ 25 લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરાયો**
4) **હવામાન વિભાગે આગામી 24 કલાક દરમ્યાન નલિયા પોરબંદર અને રાજકોટમાં ઠંડીનું મોજું ફરી વળવાની આગાહી કરી**
5) **આજે વિશ્વ ધ્યાન દિવસ ની ઉજવણી કરવામાં આવી રહી છે – ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું**

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# GANDHINAGAR COLLECTOR DDO MEETING

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નાગરિકોની સમસ્યાના નિવારણ માટેની વ્યવસ્થા જીલ્લા સ્તરે ઉભી કરવા અધિકારીઓને સલાહ આપી છે. ગાંધીનગરમાં ગઈકાલે જિલ્લા કલેક્ટરો અને જિલ્લા વિકાસ અધિકારીની યોજાયેલી સમીક્ષા બેઠકમાં શ્રી પટેલે આ મુજબ જણાવ્યું હતું. શ્રી પટેલે અધિકારીઓને લોકસંપર્ક વધારવા સ્થળ મુલાકાત લેવા પણ અધિકારીઓને અપીલ કરી હતી.

શ્રી પટેલે જણાવ્યું કે, સ્થળ મુલાકાતમાં લોકોની રજૂઆતો અને ફરિયાદો ધ્યાને આવે તેના નિવારણ માટેના ઉપાયો યોજવાની સાથે અધિકારીઓ અને કર્મચારીઓના વ્યવહાર વર્તનની પ્રતિક્રિયા મેળવી સુશાસનની દિશામાં વધુ સક્રિય થઈએ. તેમજ સામાન્ય નાગરિકોએ રજૂઆત માટે “સ્વાગત” કાર્યક્રમમાં આવવું ન પડે તેવી સ્થિતિનું નિર્માણ કરવા મુખ્યમંત્રીની અધિકારીઓને સલાહ આપી છે.

---------------------------------------------------------------------

- રીપીટ

# NAVSARI KRUSHI MELO

કેન્દ્રીય જળશક્તિમંત્રી સી. આર. પાટીલ આજે નવસારીમાં ત્રણ દિવસના રાજ્યકક્ષાના કૃષિમેળાનો પ્રારંભ કરાવશે. આ મેળામાં 25 હજારથી વધુ ખેડૂતો ભાગ લેશે. ઉપરાંત 120 જેટલી પ્રદર્શન હાટડી તૈયાર કરાશે. નવસારી કૃષિ વિશ્વ વિદ્યાલય ખાતે 23 ડિસેમ્બર સુધી યોજાનારા આ મેળામાં પશુપાલકો, વિતરકો, સહકારી અને સરકારી સંસ્થા, કૃષિ વૈજ્ઞાનિકો તેમજ મહાવિદ્યાલય-શાળાના વિદ્યાર્થીઓ પણ મુલાકાતે આવશે.

ઉલ્લેખનીય છે કે, નવસારી કૃષિ વિશ્વ વિદ્યાલયના કુલપતિ ડો. ઝીણા પટેલને 25 લાખ લીટર વરસાદી પાણીના સંગ્રહ બદલ 'જળ પ્રહરી' સન્માન એનાયત કરાયું. નવી દિલ્હી ખાતે યોજાયેલા એક સમારોહમાં કેન્દ્રીય રાજ્યમંત્રી રાજભૂષણ ચૌધરી અને અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં તેમને આ સન્માનપત્ર એનાયત કરાયું હતું.

---

- રીપીટ

# Kutch Forest Department

કચ્છ પૂર્વ વન વિભાગની રેન્જ હેઠળના કચ્છ રણ વન્યપ્રાણી અભ્યારણ્યમાં અન અધિકૃત પ્રવેશ કરી મીઠાના પાળા બનાવતા પાંચ વ્યક્તિઓ પાસેથી મશીનો સહિત કુલ એક કરોડ 25 લાખ રૂપિયાનો મુદ્દામાલ પૂર્વ કચ્છ વન વિભાગ દ્વારા જપ્ત કરાયો છે.

પૂર્વ કચ્છ વન વિભાગ રેન્જ અધિકારીની એક યાદીમાં જણાવ્યા અનુસાર વિભાગની પેટ્રોલિંગ ટીમ દ્વારા કચ્છ રણ વન્યપ્રાણી અભ્યારણ્યના સાધારાવાંઢ વિસ્તારમાં અન અધિકૃત પ્રવેશ કરી મીઠાના પાળા બનાવતા પાંચ વ્યક્તિઓની અટકાયત કરી તેમની પાસે થી પાળા બનાવવાના પાંચ મશીનો સહિતની સામગ્રી કુલ એક કરોડ 25 લાખનો મુદ્દામાલ જપ્ત કરી, અટકાયત કરાયેલ વ્યક્તિઓની સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધારેલ છે.

---------------------------------------------------------------------

- મા / ખા / જયેશ વેગડા

NAVIN

# DWARAKA

રાજ્ય સરકાર નાં પ્રવાસન વિભાગ તથા પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ અને જિલ્લા વહીવટી તંત્રનાં સહકારથી તેમજ એક NGO દ્વારા આજે વર્લ્ડ સનકન સિટી ડે નિમિતે શ્રી કૃષ્ણ જલ જપા દીક્ષા કાર્યક્રમ યોજાશે. સવારે 9 વાગ્યા થી પંચ કુઈ સમુદ્રકાંઠે 7 સ્કુબા ડ્રાઇવરો દરિયામાં જઈને શ્રી ક્રિષ્ના જલાં જપા દીક્ષા કરશે અને સમુદ્ર કાઠે 70 લોકો જલા જપાં દીક્ષા લેશે તથા પૂજન હવન કરશે. આ કાર્યક્રમ જય દ્વારકા મુહીમ અંતર્ગત રાજ્ય અને કેન્દ્ર સરકારનાં સહયોગથી થવા જઈ રહ્યો છે. રાજ્ય પ્રવાસન મંત્રી મુળુભાઇ બેરા વિશેષ હાજર રહેશે.

(બાઈટ રવિન્દ્ર)

---

- NDMS, હર્ષ, NAVIN

# SUVALI BEACH FEST

દરિયાકિનારાના પ્રવાસન સ્થળો અને વિવિધ બીચ પર પ્રવાસનને પ્રોત્સાહન આપવાના હેતુ સાથે ગુજરાત પ્રવાસન નિગમ અને સુરત જિલ્લા વહીવટીતંત્ર દ્વારા આયોજિત ત્રિદિવસીય સુવાલી બીચ ફેસ્ટિવલને વન અને પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલ અને ગૃહ રાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીના હસ્તે ખૂલ્લો મૂકાયો છે.

આ પ્રસંગે ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, આપણું રાજ્ય કુદરતી સંપદાઓથી ભરેલું છે. ગુજરાત પાસે સૌથી લાંબો ૧૬૦૦ કિલોમીટર દરિયાકાંઠો છે. વર્તમાન સમયમાં આ દરિયાકિનારાને રમણીય પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા માટે રાજ્ય સરકાર કાર્યરત છે તથા કુદરતી સુંદરતાથી ભરપૂર અનેક નાના નાના બીચોનો વિકાસ કરવામાં આવી રહ્યો છે.

---------------------------------------------------------------------

- માહિતી, હર્ષ, NAVIN

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

## ગોન્ગ મ્યુઝિક

........................................

# SURAT ICCHAPOR POLICE STATION AWARD

ગૃહ મંત્રાલય દ્વારા સુરતના ઈચ્છાપોર પોલીસમથકને દેશના સર્વશ્રેષ્ઠ પોલીસમથકનો પુરસ્કાર પ્રાપ્ત થયો છે. સત્તાવાર યાદી મુજબ, કાયદો અને વ્યવસ્થામાં વિશેષ કામગીરી માટે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના હસ્તે પોલીસ મથકને પુરસ્કાર એનાયત કરાયો હતો.

ઈચ્છાપોર પોલીસ મથકમા વર્ષ 2022થી 2024 વચ્ચે મિલકત સંબંધી ગુનાઓમાં 79થી 83 ટકા ડિટેક્શન દર સાથેની કામગીરી કરવામાં આવી છે. ઉપરાંત એક વર્ષમાં 24 નાસતા-ફરતા આરોપીને પકડવામાં આવ્યા છે.

---

- રીપીટ

# WEATHER

રાજ્યના હવામાન વિભાગે આગામી 24 કલાકમાં નલિયા, પોરબંદર અને રાજકોટમાં ઠંડીનું મોજું ફરી વળવાની આગાહી સાથે યલો એલર્ટ જાહેર કર્યું છે.

અમદાવાદ હવામાન વિભાગના વૈજ્ઞાનિક અભિમન્યુ ચૌહાણે જણાવ્યું કે, આગામી સપ્તાહમાં રાજ્યમાં વાતાવરણ શુષ્ક રહેશે. શ્રી ચૌહાણે ઉમેર્યું કે, તાપમાનનો પારો સામાન્ય કરતા 4.5 ડિગ્રી સેલ્સિયસ જેટલો ઘટે ત્યારે કૉલ્ડ વેવ એટલે કે, ઠંડીનું મોજું ફરી વળવાની આગાહી કરાઇ છે.

**(બાઈટ અભિમન્યુ ચૌહાણ)**

---

- પીટીસી, અમદાવાદ, હર્ષ, NAVIN

# Diu Youth Festival

કેન્દ્રશાસિત પ્રદેશ દીવના નહેરુ યુવા કેન્દ્ર દ્વારા ગઇકાલે જીલ્લા સ્તરીય યુવા ઉત્સવ નું આયોજન કરવામાં આવ્યું હતું,

દીવ જિલ્લાના અમારા પ્રતિનિધિ ભારતી રાવલ જણાવે છે કે આ યુવા ઉત્સવમાં લોક નૃત્ય, ફોટોગ્રાફી, વક્તૃત્વ સ્પર્ધા, વિજ્ઞાન પ્રદર્શન વગેરે સ્પર્ધાઓ યોજાઇ જેમાં નહેરુ યુવા કેન્દ્ર ના વિવિધ યુવા, મહિલા મંડળો, શાળાઓ એ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો, અને સ્પર્ધા માં પ્રથમ દ્વિતીય અને તૃતીય ક્રમે વિજેતાઓને ટ્રોફી અને રોકડ ઈનામ આપી સન્માનિત કરવામાં આવ્યા, આ વિજેતાઓ હવે રાજ્ય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે

---------------------------------------------------------------------

- પીટીસી દીવ / જયેશ વેગડા, NAVIN

# WORLD MEDITATION DAY

આજે વિશ્વ ધ્યાન દિવસ-૨૦૨૪ની ઉજવણી સૌપ્રથમ વાર સમગ્ર વિશ્વમાં કરાશે. ભારતની પ્રાચીન મજબૂત યોગ અને ધ્યાન પરંપરાઓને જીવનના એક પવિત્ર ભાગ તરીકે ગણવામાં આવે છે. રાજ્ય યોગ બોર્ડના અધ્યક્ષ યોગસેવક શીશપાલના માર્ગદર્શનમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડ તેમજ અન્ય સંલગ્ન સંસ્થાઓ દ્વારા વિશ્વ ધ્યાન દિવસની ઉજવણી આજે કરાશે.

'વિશ્વ ધ્યાન દિવસ–૨૦૨૪'નો મુખ્ય કાર્યક્રમ અમદાવાદના ગુજરાત યુનિવર્સિટી સેનેટ હોલમાં શ્રી શિવકૃપાનંદ સ્વામીની અધ્યક્ષતામાં યોજાશે. વિશ્વ ધ્યાન દિવસ-૨૦૨૪ના વિશેષ કાર્યક્રમો રાજ્યના વિવિધ શહેરો-ગામડાઓ મળીને કુલ ૪૦ સ્થળોએ યોજાશે. ઉલ્લેખનીય છે કે સંયુક્ત રાષ્ટ્ર દ્વારા ૨૧ ડિસેમ્બરને 'વિશ્વ ધ્યાન દિવસ' તરીકે ઘોષિત કરાયો છે.

---

- યાદી, હર્ષ
, NAVIN

# KISAN CHARCHA - AACHARYA DEVVRAT

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું છે કે, ખેડૂતો માટે પ્રાકૃતિક ખેતી અને જૈવિક ખેતી વચ્ચેનો તફાવત સમજવો ખૂબ જ જરૂરી છે. તેમણે કહ્યું કે,ઘણા ખેડૂતો પ્રાકૃતિક ખેતીને જૈવિક કે ઓર્ગેનિક ખેતી સમજીને તેને અપનાવવામાં સંકોચ કરે છે, પરંતુ પ્રાકૃતિક ખેતી સંપૂર્ણપણે ભિન્ન અને ખેડૂતોને અત્યંત લાભદાયી છે. હરિયાણાના કુરુક્ષેત્ર, ગુરૂકુલમાં આયોજિત પ્રાકૃતિક ખેતી કિસાન ચૌપાલ ચર્ચામાં ભાગ લઈ રહેલા ખેડૂતોને રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ પ્રાકૃતિક ખેતી પર માર્ગદર્શન આપ્યું હતું.

કિસાન ચૌપાલ ચર્ચામાં હરિયાણાના કૃષિ મંત્રી શ્યામસિંહ રાણા પ્રખ્યાત કૃષિ વૈજ્ઞાનિક ડૉ. હરિઓમ, ડૉ. બલજીત સહારણ, અને કૃષિ નિષ્ણાતો તેમજ પ્રગતિશીલ ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

---------------------------------------------------------------------

- માહિતી, હર્ષ, NAVIN